# 51

## રાજ્યની એગ્રીકલ્ચર યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂક

*** 15/4/2354 શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ) :**માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–:

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આવેલ કઈ એગ્રીકલ્ચર યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂક થયેલ છે અને કઈ યુનિવર્સિટીઓમાં બાકી છે, | (૧) | રાજ્યની યુનિવર્સિટીઓ પૈકી:<br>તા:૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ<br>નવસારી કૃષિ યુનિવર્સિટીમાં લોકપાલની નિમણૂક થયેલ છે.<br>જ્યારે,<br>આણંદ કૃષિ યુનિવર્સિટીમાં તા:૨૯/૦૧/૨૦૨૪, જુનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં તા:૦૧/૦૨/૨૦૨૪, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં તા:૦૯/૦૨/૨૦૨૪ અને ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીમાં તા:૦૯/૦૨/૨૦૨૪ના રોજ લોકપાલની નિમણૂક કરવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ લોકપાલની નિમણૂક ન થતાં રાજ્યની કઈ યુનિવર્સિટીને યુજીસી દ્વારા ડિફોલ્ટર જાહેર કરવામાં આવી, અને | (૨) | ઉક્ત સ્થિતિએ લોકપાલની નિમણૂક ન થતા રાજ્યની જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી અને ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીને યુજીસી દ્વારા ડિફોલ્ટર જાહેર કરવામાં આવેલ છે. |
| (૩) | ઉક્ત બાકી યુનિવર્સિટીઓમાં ક્યાં સુધીમાં લોકપાલની નિમણુંક કરવામાં આવશે? | (૩) | લોકપાલની નિમણૂક થયેલ હોવાથી લાગુ પડતું નથી. |

------------